ક્રમાંક:ઘ/માધ્યમિક/પેન.૧/વશી/૨૪૨/૩૦જુન/ઇજાફો/૨૦૧૯/ ૩૨૫૦૭-૪૨

નિયામક શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૫/૧૧/૨૦૧૯.

ઇજાફો

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિ.તમામ

વિષય: એક નોશનલ ઇજાફો મંજુર કરી પેન્શનના લાભો આપવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:પશન/૧૨૧૯-૮૬/ગ.૨, તા.૨૬/૯/૨૦૧૯ અન્વયે.

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ ૩૯(૧)ની જોગવાઇ મુજબ ઇજાફો જે મહિનામાં ઉપર્જીત થાય તે મહિનાની પહેલી તારીખથી મળવાપાત્ર થાય છે. આથી જે કર્મચારી ૩૦ જુનના રોજ નિવૃત્ત થાય તેઓના કિસ્સામાં નિવૃત્તિ પહેલા ૧૨(બાર) માસની સેવા પૂર્ણ કરી હોય તો પણ કર્મચારી નિવૃત્તિ ૧(પહેલી) જુલાઇના રોજ કર્મચારી રહેતો નથી. પરંતુ પેન્શનર બની જાય છે. તે બાબત ધ્યાને રાખતા નિવૃત્તિ બાદ ૧-જુલાઇના રોજ મળવાપાત્ર ઇજાફો મળવાપાત્ર બનતો નથી. તે મુજબ નાણાં વિભાગે અભિપ્રાય આપેલ છે. જે ધ્યાને લઇ અરજદારોને સમયસર જવાબ પાઠવવા આથી જણાવવામાં આવે છે.

સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

Scanned by CamScanner